**Navgujarat Samay**

**February 24, 2018**
**Pg.4**

**EDII**

# સ્વામી વિવેકાનંદના ઉપદેશ અંગે EDIIના વિદ્યાર્થીઓની ચર્ચા

**નવગુજરાત સમય** > અમદાવાદ

આન્ત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII) ખાતે યોજાયેલી 9મી નેશનલ યૂથ કોન્ફરન્સમાં 100થી વધુ વિદ્યાર્થીએ ભાગ લઈને નેતૃત્વ અને આધ્યાત્મિક વિષય ઉપર સ્વામી વિવેકાનંદના ઉપદેશો સહિતના વિષયો ઉપર ચર્ચા કરી હતી. વિશ્વના સૌથી લોકપ્રિય અને મહાન આધ્યાત્મિક ગુરૂ પૈકીના એક સ્વામી વિવેકાનંદનું મક્કમપણે માનવું હતું કે સર્વાંગી વિકાસ માટે નાગરિકોના ચરિત્રનો વિકાસ એકમાત્ર માર્ગ છે.

રાજકોટ સેન્ટર ઓફ રામક્રિષ્ન મઠના વડા સ્વામી નિખિલેશ્વરાનંદે પ્રેરક વક્તવ્ય સાથે બે દિવસીય કોન્ફરન્સનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, વિકસિત અને વિકાસશીલ દેશોએ સ્વામી વિવેકાનંદ દ્વારા વિકસાવાયેલી આધ્યાત્મિક સંસ્કૃતિને અનુસરવાનું શરૂ કર્યું છે અને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી તેનો પુરાવો છે. EDIIના ડિરેક્ટર ડો. સુનિલ શુક્લા, IIM-અમદાવાદના પ્રો. ડો. એન. રવિચંદ્રને પણ વક્તવ્ય આપ્યું હતું.